# સત્સંગ સમાચાર

## ઝોળી પર્વ


ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા મુજબ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો ઉત્તરાયણના પાવન દિવસે ઘરે ઘરે ઝોળી ઉઘરાવવાની સેવામાં વિચરે છે. તે રીતિ અનુસાર અનુપમ મિશન-ભારતનાં કેન્દ્રો સહિત પરદેશનાં કેન્દ્રોમાં પણ સંતો સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી ઉત્તરાયણ-૧૪ જાન્યુઆરીના રોજ ઝોળી સ્વીકારવાની સેવામાં જોડાયા અને 'નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભુ !'ના નાદની આહલેક જગાડી. ઘરે પધારેલા સંતોની ઝોળીમાં ભક્તોએ અત્યંત ભક્તિભાવે અનાજ, ધન આદિ સમર્પિત કરી ઝોળી છલકાવી દીધી. વિશેષ તો 'સ્વ'-ભાવ અર્પણ કરી, પરિશુદ્ધ બની, પ્રભુના સુખે સુખી થવાની સૌ ભક્તોએ પ્રાર્થના ધરી. સંતોએ પણ સૌ ભક્તોની સુખાકારી માટે પ્રભુચરણે, ગુરુચરણે પ્રાર્થનાઓ ધરી. સંતો સાથે સક્રિય કાર્યકરો પણ સેવામાં જોડાયા અને જે સ્થાને સંતો ના પહોંચી શકે તેવાં મંડળોમાં ભક્તોએ આ સેવા ઉપાડી સંતભગવંત સાહેબજીને પ્રસન્ન કરવારૂપ ભક્તિ અદા કરી. ◆

## પરમ પૂજ્ય સોનાબા નિર્વાણ સ્મૃતિદિન વંદના

૨૧ જાન્યુઆરી-પ.પૂ. સોનાબા નિર્વાણ સ્મૃતિદિને સદ્ગુરુ સંતોની ઉપસ્થિતિમાં સંતો અને સ્થાનિક ભક્તોએ પ.પૂ. સોનાબાને શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં. બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે સવારે શણગાર આરતી બાદ તેઓના સમાધિસ્થાને સંતો-ભક્તોએ એકત્ર થઈ મહિમા-વંદના અને મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી, ધૂન-પ્રાર્થના કરી પોતાના અંતરના ભાવ ધર્યા. પ.પૂ. સોનાબાનાં નિઃસ્વાર્થ અમર્યાદ પ્રેમ, વાત્સલ્ય અને કરુણાની સૌએ સ્મૃતિ કરી, અને સંતોએ તેઓની મૂર્તિનાં પૂજન કરી ભાવવંદના અર્પણ કરી. ◆

## શ્રી રામમંદિર મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાનાં વધામણાં

૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ પુણ્ય નગરી અયોધ્યામાં પ્રભુ શ્રી રામના જન્મસ્થાનમાં મર્યાદાપુરુષોત્તમ ભગવાન શ્રી રામ મૂર્તિ સ્વરૂપે પુનઃ બિરાજ્યા. ૫૦૦ વર્ષના લાંબા સમયગાળા દરમિયાન ભક્તો દ્વારા પ્રાર્થનારૂપી જે ભક્તિ અર્પણ થઈ, જે સમર્પણ કરાયાં, જે ભીડા વેઠવામાં આવ્યા તેનાં સુફળ પ્રાપ્ત થયાં ને સનાતન હિન્દુ સંસ્કૃતિની ધજા ગગને લહેરાઈ તેના જયનાદ આઠેય દિશાઓમાં ગૂંજ્યા. અત્યંત શાંતિપૂર્ણ અને સૌહાર્દભર્યા વાતાવરણમાં શ્રી રામલલ્લાની મૂર્તિનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. વર્ષોથી જોવાતી પ્રતીક્ષા પૂર્ણ થઈ તેનો આનંદ દેશ-વિદેશમાં વ્યાપ્યો. સમસ્ત દેશને રોશની અને રંગોથી સુશોભિત કરી સૌ ભક્તોએ અંતરનો આનંદ વ્યક્ત કર્યો. સંતભગવંત સાહેબજીના હૈયે પણ આ ઉત્સવનો અનેરો આનંદ હતો. તેઓની આજ્ઞાથી સંતોએ મંદિરજી અને સમગ્ર પરિસરને રંગ-રોશનીથી સજાવી દીધું. સવારે 'પારમિતા' સભાખંડમાં મોટા પડદા પર સંતભગવંત સાહેબજીના સાંનિધ્યમાં સૌ સંતો-ભક્તોએ અયોધ્યા મંદિરમાં થઈ રહેલ મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાની સમગ્ર વિધિ તથા કાર્યક્રમના જીવંત પ્રસારણને માણ્યું. અને સાંજે મંદિરજીના પ્રાંગણમાં વિશેષ સભાનું આયોજન કરી મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનાં વધામણાં કર્યાં. અત્યંત શાંતિપૂર્ણ વાતાવરણમાં આ દિવ્ય મહોત્સવ ભવ્યતાથી ઉજવાયો તે બદલ સાહેબજીએ દેશનાં શીર્ષ નેતૃત્વ, બંધારણ ને કાયદો તેમજ લોકશાહીની શક્તિને બિરદાવ્યાં અને 'પ્રભુનું અવતરણ શાંતિનું સામ્રાજ્ય સ્થાપવા જ થાય છે' તેમ જણાવી આશીર્વાદ વરસાવી સૌને ભક્તિયુગના એટલે કે દિવ્ય નવયુગના સ્થાપનની શુભ કામનાઓ પાઠવી. આ પ્રસંગે ઉપસ્થિત સૌએ સમૂહ આરતી અર્પણ કરીને ભક્તિ અદા કરી અને સાથે આતશબાજી દ્વારા આનંદને વધાવ્યો.





અયોધ્યામાં નવનિર્મિત ભગવાન શ્રી રામમંદિર મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનાં તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં આનંદપૂર્ણ વધામણાં

સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી અનુપમ મિશનનાં દેશ-વિદેશનાં મંદિરોમાં, કેન્દ્રોમાં પણ સૌ ભક્તોએ ભેગા મળી શ્રી રામમંદિર મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાનાં વધામણાંના વિવિધ કાર્યક્રમો ભવ્યતાથી ઊજવ્યા, આતશબાજી કરી ઉત્સવના આનંદને વ્યક્ત કર્યો તથા આવી ઉજવણી દ્વારા હિન્દુ સંસ્કૃતિના પ્રકાશને વિસ્તાર્યો. ◆

## શ્રી યોગી નિર્વાણ સ્મૃતિદિન વંદના

૨૩ જાન્યુઆરી, ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સ્વધાનગમનના વાર્ષિક સ્મૃતિદિને તેઓની પુણ્ય સ્મૃતિ સાથે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે સવારે શણગાર આરતી બાદ સૌએ ભેગાં મળી 'હૃદયકુંજ-શ્રી હરિ અભિષેક મંડપ'માં બિરાજમાન ગુરુદેવ યોગીજી મહારાજની મૂર્તિનાં પૂજન-પુષ્પહાર અર્પણ કરી ભાવવંદના અર્પી તથા મંત્રપુષ્પાંજલિ દ્વારા ભક્તિસુમન અર્પ્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. રતિકાકા અને પૂ. હર્ષદદાદાનાં સાંનિધ્યે સૌએ પ્રાત:વંદના ધરી. રાત્રે અનુપમ સૂરવૃંદના સંતો-ભક્તો દ્વારા 'યોગીહૃદય, સાહેબમય – અનુપમ અષ્ટસખા' નામક વિશિષ્ટ કીર્તન-ભક્તિવંદનામાં ગુરુદેવ યોગીજી મહારાજના અદ્‌ભુત માહાત્મ્યને વાણી અને કીર્તન દ્વારા પ્રસ્તુત કરાયાં. તેમજ તેઓ દ્વારા સર્જન પામેલ અનુપમ સદ્‌ગુરુ સંતોના મહિમાનાં પણ દર્શન કરાવાયાં. મોટા એલ.ઈ.ડી. સ્ક્રીન પર ગુરુદેવ યોગીજી મહારાજ, સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં દુર્લભ દિવ્ય વિડિયોદર્શન કરી સૌ ધન્ય થયાં. અનુપમ સૂરવૃંદના સંતોએ સુંદર કીર્તનોનાં ગાન કર્યાં. આ પ્રસંગને માણવા દેશ-વિદેશના અનેક હરિભક્તો પધાર્યા, તે સૌએ માહાત્મ્યસભર દિવ્યતાની અલૌકિક અનુભૂતિ કરી. ◆

## પોષીપૂર્ણિમા ઉત્સવ

૨૫ જાન્યુઆરી, પોષીપૂર્ણિમાના મહામંગલકારી ઉત્સવને સૌએ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે અનેરા ભક્તિભાવે ઊજવ્યો. સંતભગવંત સાહેબજી, પૂ. દિનકરભાઈ (યોગી ડિવાઈન સોસાયટી, શિકાગો), સદ્‌ગુરુ સંતોની દિવ્ય ઉપસ્થિતિમાં ભારત અને પરદેશના અનેક મુક્તોએ પધારી આ ઉત્સવનો લાભ પ્રાપ્ત કર્યો. શ્રી ગુણાતીત દીક્ષાદિન, અનુપમ મિશનના વ્રતધારી સંતોનો વ્રતધારણ દિન અને નૂતન મંદિરજીની મૂર્તિઓના ચતુર્થ પાટોત્સવના આ ત્રિવેણી પર્વમાં સૌએ અલૌકિક સત્સંગલાભ મેળવ્યો અને દિવ્ય સ્મૃતિઓ હૃદયસ્થ કરી.


સવારે સદ્‌ગુરુ સંતો, સંતો-ભક્તો નિજમંદિરમાં તથા બહેનો 'અક્ષરમહોલ'માં એકત્રિત થયાં અને ધૂન-કીર્તન-સ્તોત્રમનાં ગાન કરી પ્રાર્થનાઓ ધરી. સંતભગવંત સાહેબજી પધાર્યા, તેઓ સાથે સૌ સંતો ગર્ભગૃહમાં મૂર્તિ સમક્ષ પધાર્યા. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીના પ્રધાન આચાર્યપદે સુંદર પાટોત્સવ પૂજનવિધિ અર્પણ થઈ. નિજમંદિરજીમાં સહજાનંદ સ્વામીજીનાં પૂજન સંતભગવંત સાહેબજી, શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીનાં પૂજન સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને શ્રી ગોપાળાનંદ સ્વામીજીનાં પૂજન પૂ. મનોજદાસજીએ કર્યાં. તેમજ 'અક્ષરમહોલ'માં પૂ. રતિદાદાના સાંનિધ્યે પાટોત્સવ પૂજન થયાં.

ત્યારબાદ શ્રી ઠાકોરજીને શણગાર અર્પણ થાય અને દર્શન ખુલ્લાં મુકાય તે દરમિયાન સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ સુંદર આશીર્વાદ આપતાં કહ્યું કે, 'પાટોત્સવનું પર્વ એ જેમ આપણે મોબાઈલને ચાર્જર સાથે કનેક્ટ કરીએ અને બેટરી રિચાર્જ થઈ જાય, તેમ શ્રી ઠાકોરજીમાં આપણને પરોવી, આપણી જાતને સેવા-ભક્તિ-સત્સંગ કરવા તરોતાજા કરવાની ઉત્તમ તક છે. શ્રી ઠાકોરજી તો સદાય કૃપાળુ, દયાળુ છે અને દર્શન આપવા હાજર જ હોય છે, પણ આપણે એવા પ્રભુધારક સત્પુરુષમાં 'સ્વ'ને જોડી તેમને સેવવાના છે.' શ્રી ઠાકોરજીનાં દર્શન ખૂલતાં છડીનાં ગાન અને ઘંટારવ સાથે સૌ સંતો-ભક્તોને આરતી ઉતારવાનો દિવ્ય લાભ પ્રાપ્ત થયો.

ત્યારબાદ 'વર્ણીકુંજ'માં માહાત્મ્યગાન સભા યોજાઈ, જેમાં અત્યંત કૃપા કરતાં સંતભગવંત સાહેબજીએ સૌ પ્રથમ આશીર્વાદ વરસાવ્યા અને



શ્રી યોગી સ્મૃતિદિન કીર્તન આરાધનામાં અનુપમ સૂરવૃંદના સંતો-સેવકોને આશીર્વાદ



પોષીપૂર્ણિમાની માહાત્મ્યદર્શન સભામાં સંતભગવંત સાહેબજીની આશિષવર્ષા

પરાવાણીનો સુંદર લાભ આપ્યો. ત્યારબાદ પ.પૂ. દિનકરભાઈ અને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજીએ પણ પ્રાસંગિક લાભ આપી પ્રાર્થનાઓ ધરી. ગુણાતીતભાવ પામવાના માર્ગે જીવન સમર્પિત કરી ભક્તિ અદા કરતા સૌ ભક્તો માટે અલભ્ય સ્મૃતિ અને સત્સંગલાભ પ્રાપ્ત થયો. ◆

## ભારતના ૭૫મા ગણતંત્ર પર્વની ઉજવણી

**✱ પ્રજ્ઞાનતીર્થ :** અનુપમ મિશનના અધિષ્ઠાતા સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યે શૈક્ષણિક સંકુલ 'પ્રજ્ઞાનતીર્થ-સર્વાંગી શિક્ષણ સંસ્થાન' ખાતે "નારી શક્તિ કા સન્માન, રાષ્ટ્ર વિકાસ કા પ્રમાણ" કાર્યક્રમના હાર્દને અનુરૂપ ભારતનો ૭૫મો ગણતંત્ર દિવસ સમારોહ ભવ્ય રીતે ઊજવવામાં આવ્યો. મોગરી સ્થિત અનુપમ મિશન સંચાલિત યોગી વિદ્યાપીઠની વિવિધ વિદ્યાશાખાઓ આનંદ બાલવાડી, મિત્ર પુનર્વસન કેન્દ્ર, જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, ઇન્ફર્મેશન ટૅક્નોલૉજી સૅન્ટર, અક્ષરપુરુષોત્તમ ટૅક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ અને સહજાનંદ કલાસાધના તીર્થના વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ અને મહેમાનોની વિશાળ ઉપસ્થિતિમાં આ ઉત્સવ ભવ્ય રીતે ઉજવાયો.

મુખ્ય અતિથિ સ્વરૂપે એમટીસી. ઍન્જિનિયરીંગ કંપની અને મધુભાન રિસૉર્ટ ઍન્ડ સ્પાનાં સી.ઈ.ઓ. શ્રીમતી તરુણાબહેન પટેલ પધાર્યાં અને તેઓ દ્વારા જ્યારે તિરંગાને ખુલ્લા અવકાશમાં ફરકાવવામાં આવ્યો ત્યારે સૌએ રાષ્ટ્રગીતનાં ગાન સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી. આ પ્રસંગે અનુપમ મિશનના સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, યોગી વિદ્યાપીઠના કુલગુરુ સદ્‌ગુરુ સાધુ પૂ. ડૉ. રતિકાકા, યુ.પી.એસ.સી.ના ચૅરમૅન સદ્‌ગુરુ સાધુ પૂ. ડૉ. મનોજદાસજી, યોગી વિદ્યાપીઠના ચિફ ઍક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડૉ. એન. સી. પટેલ, અનુપમ મિશન ઇન્ટરનેશનલ કમિટીના પ્રમુખ સતીશભાઈ ચતવાણી, અનુપમ મિશન-અમૅરિકાના પ્રમુખ ડૉ. જિતુભાઈ પટેલ, સુવર્ણાબહેન કદમ આદિની ઉપસ્થિતિ ખૂબ પ્રેરક રહી.



'પ્રજ્ઞાનતીર્થ'માં સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે ૭૫મા ગણતંત્ર દિનની ઉજવણી

શ્રીમતી તરુણાબહેને પોતાના સંબોધનમાં જણાવ્યું કે, 'ભણીગણીને બહેનો પોતાનું જીવન બદલી શકે છે. બહેનો હકારાત્મક અભિગમ રાખે તો કાંઈ પણ કરવા સક્ષમ બને છે. હતાશ થયા વિના નીડર બની પ્રભુ પ્રત્યે શ્રદ્ધા-ભક્તિ રાખશો તો સેવા વધુ સારી રીતે કરી શકશો.' પૂ. મનોજદાસજીએ તરુણાબહેનની આ વાત પર વિશેષ પ્રકાશ પાડી માર્ગદર્શન આપ્યાં. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા અને આદર્શ માતાઓ, સ્ત્રીરત્નોની વાતો કરી બાળકોમાં ચારિત્ર્યનું ઘડતર થાય તેવા સમાજના નિર્માણમાં સ્ત્રીના પ્રદાનનું મહત્ત્વ સમજાવ્યું. પૂ. અશ્વિનદાદાએ પ્રસંગોચિત આશીર્વચન પાઠવ્યાં.

જ્ઞાનયજ્ઞ વિદ્યાલયની વિદ્યાર્થિનીઓ દ્વારા સુંદર રાષ્ટ્રગૌરવ ગીતગાન પ્રસ્તુત કરાયું તેમજ જિયા પટેલ અને મોક્ષી પટેલે રાષ્ટ્રભક્તિપૂર્ણ ચોટદાર વક્તવ્યમાં નારીશક્તિ દ્વારા થતા દેશના સર્વાંગી વિકાસની વાત કરી. 'મિત્ર' શાળા તેમજ 'જ્ઞાનયજ્ઞ વિદ્યાલય'ની વિદ્યાર્થિનીઓ દ્વારા પ્રાસંગિક નૃત્ય સંયોજનો ને યોગકૌશલ નિદર્શન પ્રસ્તુત કરાયાં, જે નિહાળી સૌ અત્યંત પ્રસન્ન થયાં. કાર્યક્રમનું સુંદર સંચાલન હેત્વી ઝાલા અને મિષ્ટી કલોલાએ કર્યું.

આ પ્રસંગે આદર્શ નારીરત્નો એવાં શ્રીમતી તરુણાબહેન તથા યોગી વિદ્યાપીઠની શૈક્ષણિક સેવામાં સમર્પિત પૂ. સુવર્ણાબહેન કદમને શાલ ઓઢાડી, ખેસ પહેરાવી, પ્રશસ્તિપત્ર એનાયત કરી વિશેષ સન્માન કરાયાં. પૂ. રતિકાકાએ મંચસ્થ મહાનુભાવોને સ્મૃતિચિહ્ન અર્પણ કરી તેઓનાં અભિવાદન-બહુમાન કર્યાં. દેશ-વિદેશના આમંત્રિત મહેમાનો અને મહાનુભાવોના શુભ હસ્તે વિવિધ વિદ્યાશાખાઓના તેજસ્વી વિદ્યાર્થીઓને તેમજ વિજેતા રમતવીરોને 'સંતભગવંત સાહેબજી કેળવણી કૌશલ્ય પુરસ્કાર'થી નવાજવામાં આવ્યા. અંતે ડૉ. એન. સી. પટેલે કાર્યક્રમની સફળતામાં સહભાગી મુખ્ય અતિથિ સહિત સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી. ◆

**શારદા મંદિર, નડિયાદ :** અનુપમ મિશન સંલગ્ન નડિયાદ વિદ્યોત્તેજક મંડળ સંચાલિત શારદા મંદિર : અનિતાબેન દેવાંગભાઈ પટેલ (ઇપ્કોવાળા) ડે સ્કૂલમાં ભારતના ૭૫મા પ્રજાસત્તાકદિનની ઉજવણી શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થિની કુમારી પલકબહેન ધવલભાઈ ભાવસારના પ્રમુખસ્થાને થઈ. કાર્યક્રમના શુભારંભે શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા પ્રાસંગિક નૃત્ય રજૂ થયાં બાદ પલકબહેનના વરદ હસ્તે રાષ્ટ્રધ્વજને મુક્ત ગગનમાં લહેરાવવામાં આવ્યો. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પલકબહેને જણાવ્યું કે, 'વિકાસશીલ ભારતે દીકરીઓનું માન વધાર્યું છે અને શિક્ષણક્ષેત્રનું સ્તર ઊંચું આણ્યું છે.'

શાળાના બાળ કલાકારો દ્વારા દેશભક્તિ ગીતની સુંદર રજૂઆત થઈ. દિયા મહીડાએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ભારતની વિકાસગાથાની અદ્‌ભુત વાત પ્રસ્તુત કરી. સમગ્ર કાર્યક્રમમાં ઉદ્‌ઘોષક તરીકે શાળાના વિદ્યાર્થીઓ

હેત્વી પ્રજાપતિ અને હેતલ પારેખ તથા સહ ઉદ્‌ઘોષક તરીકે નિધિ ચૌધરી, રુદ્ર પ્રજાપતિ તથા ઊર્વી ચૌહાણે જવાબદારી સંભાળી સફળ સંચાલન કર્યું.

આ પ્રસંગે વાર્ષિક રમતોત્સવમાં વિજેતા વિદ્યાર્થીઓને ઇનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. મુખ્ય મહેમાન પલકબહેનને સ્મૃતિચિહ્ન અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યાં. સાધુ પૂ. સુનીલદાસજીએ પ્રાસંગિક પ્રવચનમાં પ્રજાસત્તાકદિનની શુભેચ્છા પાઠવી અને વિદ્યાર્થીઓ પોતાની પ્રગતિ થકી દેશને સુવિકસિત કરે તેવી અભ્યર્થના વ્યક્ત કરી. ◆

**યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારી :** ૨૬ જાન્યુઆરીના રોજ ભારતના ૭૫મા પ્રજાસત્તાક પર્વની ઉલ્લાસભેર ઉજવણી યોગીજી મહારાજ મહાવિદ્યાલય ખાતે કરવામાં આવી. વિદ્યાર્થિનીઓ, અધ્યાપકો, બિનશૈક્ષણિક કર્મચારીઓ આદિની ઉપસ્થિતિમાં આચાર્યશ્રી રાજુભાઈ દવે દ્વારા ત્રિરંગાને મુક્ત ગગનમાં ફરકાવવામાં આવ્યો તેમજ પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવ્યું. ત્યારબાદ વિદ્યાર્થિનીઓ દ્વારા દેશભક્તિ ગીતગાન કરાયાં. જુસ્સાપૂર્ણ પ્રસ્તુતિ અને દેશભક્તિના અનેરા ભાવ સાથે આ પર્વ ઉજવાયું. ઉપસ્થિત સૌએ ગણતંત્રની ગરિમા જાળવવાની પ્રતિજ્ઞા લીધી. ◆

**નીલકંઠવર્ણી વિદ્યાલય, શિણાય :** નીલકંઠવર્ણી વિદ્યાલય ખાતે ભારતનો ૭૫મો ગણતંત્ર દિવસ ઊજવવામાં આવ્યો. ગુજરાતના કરણી સેનાના અધ્યક્ષ શ્રી મેહુલસિંઘ રાઠોડ, શિણાય ગામના સરપંચ શ્રી ગોપાલભાઈ હડિયા, ગ્રામ આગેવાન શ્રી સુનીલભાઈ હડિયા, આચાર્યા અમીબહેન પાટડિયા દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું. શાળાનાં બાળકોએ દેશભક્તિસભર સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો. શ્રી રામમંદિર મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાનો ઉત્સાહ પણ બાળકોની પ્રસ્તુતિ અને વક્તવ્યમાં જોવા મળ્યો. મેહુલભાઈ, ગોપાલભાઈ, સુનીલભાઈ તેમજ જયંતીભાઈ મેરજાસાહેબે પ્રાસંગિક પ્રવચન કરી બાળકોને પ્રોત્સાહિત કર્યાં. પીયૂષભાઈ દ્વારા આભારવિધિ કરવામાં આવી. આ કાર્યક્રમમાં મહેમાનો, વાલીગણ, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સહભાગી બન્યાં. કાર્યક્રમનું સંચાલન શાળાનાં શિક્ષિકા દીપલબહેન દ્વારા કરવામાં આવ્યું. ◆

**વેમાર :** ૨૬ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ વેમાર ખાતે ભક્તિનંદન બાલવાડી તેમજ શિવમ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ તેમજ ગ્રામજનો, સત્સંગી ભક્તો દ્વારા ભારતના ૭૫મા ગણતંત્ર પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. સમારંભના મુખ્ય અતિથિ અને વેમાર કેળવણી મંડળના પ્રમુખ ને સત્સંગના આગેવાન એવા ચંદ્રકાંતભાઈ પટેલ દ્વારા ધ્વજવંદન કરાયું. ત્યારબાદ શિવમ વિદ્યામંદિર અને ભક્તિનંદન બાલવાડીનાં બાળકોએ દેશભક્તિથી ભર્યાં નૃત્યોની સુંદર રજૂઆત કરી. ચંદ્રકાંતભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સૌને રાષ્ટ્રવિકાસમાં સહભાગી બનવા પ્રેરક સંદેશો આપ્યો. ◆

**ઉપાસના ધામ, અમદાવાદ :** ઉપાસના ધામ-અમદાવાદ ખાતે સાધુ પૂ. ગૌતમદાસજીની ઉપસ્થિતિમાં ભારતના ૭૫મા પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી સંપન્ન થઈ. મુખ્ય મહેમાન - આર.ટી.ઓ. ઇન્સ્પેક્ટર શ્રી ઋષિકભાઈ રાઠોડ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો અને તે સાથે જ સૌ રાષ્ટ્રિય ગીતગાનમાં જોડાયાં. આ પ્રસંગે અભિલાષભાઈ સથવારાએ પ્રજાસત્તાક દિવસના મહત્ત્વ અને ઇતિહાસની વાતો કરી. શ્રી ઋષિકભાઈએ નિયમ અને ફરજપાલનની અનિવાર્યતા સમજાવી તેમજ ચેતનભાઈ વ્યાસ અને ચંદ્રકાંતભાઈ વાઘેલાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં. હૈયામાં અપાર દેશભક્તિના ભાવ સાથે સમગ્ર ઉત્સવ ઉજવાયો. ◆

## સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા શાશ્વત સ્મૃતિવંદના

સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા ૨૭ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ સ્વધામ સિધાવ્યા. તેઓની સ્થૂળ ગેરહાજરીની ખોટ તો સૌને પડી જ, પરંતુ તેઓની સૌનાં હૈયે હાજરી એક વર્ષ બાદ પણ અકબંધ હતી અને શાશ્વત-સદાકાળ રહેશે તેવી સૌની અનુભૂતિ રહી. આ પુનિત સ્મૃતિ અને



શારદા મંદિર, નડિયાદ



યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારી




નીલકંઠવર્ણી વિદ્યાલય, શિણાય

અનુભૂતિ સૌ સાથે વહેંચવાના ભાવ સાથે તેમજ પૂ. શાંતિદાદા પ્રતિની ભક્તિ અને પ્રેમ વ્યક્ત કરવાના ભાવ સાથે ૨૬ અને ૨૭ જાન્યુઆરી ૨૦૨૪નારોજ વિવિધ કાર્યક્રમોનાં આયોજન થયાં.

૨૬ જાન્યુઆરીની સાંજે 'સંતમહિમા વંદના' કાર્યક્રમ દ્વારા 'વચનામૃત', 'સ્વામીની વાતું', નંદપંક્તિના સંતો દ્વારા રચિત પદો અને કીર્તનોના આધારે અનુપમ મિશનના યોગીસર્જન સમા સદ્‌ગુરુ સંતોના મહિમાનું અલૌકિક ગાન કરવામાં આવ્યું. એક પ્રકારે સદ્‌ગુરુ સંતો પ્રતિના અદ્‌ભુત ભક્તિભાવને શબ્દો દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો. સાધુ પૂ. પરેશદાસજી, પૂ. યજ્ઞેશદાસજી, ડૉ. પૂર્વીબહેન, બ્રિજભાઈ (પૂના), નરસીદાદા (અમદાવાદ), ભાવિશાબહેન (યુ.કે.) અને યોગીભાઈ (યુ.કે.) આદિ સૌએ સદ્‌ગુરુ સંતો - પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદા, પૂ. વી. એસ.દાદા, પૂ. ડૉક્ટરદાદા, પૂ. રતિકાકા, પૂ. પૂનમદાદા, પૂ. હર્ષદદાદા, પૂ. બૅરિસ્ટરદાદાના મહિમાના દિવ્ય ગુણો અને અલૌકિક સ્થિતિનાં વર્ણન કર્યાં. શાસ્ત્રોમાં વર્ણવાયેલ સંતની અલૌકિક સ્થિતિને પ્રત્યક્ષ જીવતા સદ્‌ગુરુ સંતોનાં જીવનદર્શનની અદ્‌ભુત અનુભૂતિ પામી સૌ ધન્ય થયાં.

૨૭ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની પુણ્ય સ્મૃતિમાં પ્રતિ માસ યોજાતી પ્રભાતફેરીમાં આ વખતે ખૂબ મોટી સંખ્યામાં ભક્તો જોડાયા. દૂર દૂરનાં કેન્દ્રોમાંથી પધારેલ સૌ અક્ષરમુક્તોએ પૂ. શાંતિદાદા પ્રતિના પ્રેમને વ્યક્ત કરી ભક્તિ અદા કરી. વહેલી સવારે કાયાકલ્પ પામેલ પૂ. શાંતિદાદાના સમાધિસ્થાનનાં દર્શન કરી સૌ ભાવવિભોર બન્યાં. સંતો-ભક્તોએ મંત્ર-પુષ્પાંજલિ અર્પણ કરી હૃદયવંદના ધરી. તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીનાં પ્રાસાદિક સ્થાનોએથી પસાર થયેલ પ્રભાતફેરી દરમિયાન સૌ સંતો-ભક્તો ધૂન-પ્રાર્થના-કીર્તનમાં જોડાઈ પૂ. શાંતિદાદાની દિવ્ય સ્મૃતિમાં ગરકાવ બન્યા. પ્રભાતફેરીના અંતે સૌ શણગાર આરતીમાં જોડાયાં અને ત્યારબાદ પૂ. શાંતિદાદાના સમાધિસ્થાને પધારી પ્રાર્થના અને પ્રદક્ષિણા સાથે પુષ્પો અર્પણ કરી ભક્તિઅર્ઘ્ય વહાવ્યો.

ત્યારબાદ વર્ણીકુંજમાં સંતભગવંત સાહેબજીની દિવ્ય સંનિધિમાં પૂ. શાંતિદાદાને શાશ્વત સ્મૃતિવંદના અર્પતી સત્સંગસભા યોજાઈ. આ સભામાં સાધુ પૂ. ઘનશ્યામદાસજી બિરલા અને સાધુ પૂ. અશોકદાસજીએ પૂજન-પુષ્પહાર અર્પણ કરી અંતરની વંદના ધરી. પૃથાબહેન સોની, મીનેશભાઈ પટેલ (અમેરિકા), અમિતભાઈ ઠક્કર (અમદાવાદ), સતીશભાઈ ચતવાણી (યુ.કે.) તેમજ સાધુ પૂ. રમેશદાસજીએ સ્વ-અનુભૂતિ વર્ણવી, મહિમાદર્શન કરાવી અલૌકિક ભક્તિ અદા કરી.

સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ પ્રાર્થના ધરીને પૂ. શાંતિદાદાની પુનિત સ્મૃતિમાં સૌને ભીનાં કર્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી ગદ્‌ગદભાવે પૂ. શાંતિદાદાની સર્વોત્તમ દાસભક્તિનાં દર્શન કરાવ્યાં. અંતે સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી પૂ. શાંતિદાદાનાં જીવન અને કાર્યની અલૌકિક ગાથા વર્ણવી. તેઓને હૈયે ધબકતા રાખવા, તેઓએ અદા કરેલ ગુરુભક્તિની સ્મૃતિ સાથે તેઓ પ્રતિની ભક્તિ કરવા અને આત્યંતિક સુખ પામવાની સમજણ આપી.



ઉપાસના ધામ, અમદાવાદ



સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા શાશ્વત સ્મૃતિદિને પ્રભાતફેરી

સૌએ પરમ ભક્તિભાવ અને અંતરભીની સ્મૃતિ સાથે પૂ. શાંતિદાદાને શ્રદ્ધાસુમન પાઠવ્યાં.

'પારમિતા' સભાખંડમાં યોજિત રાત્રિસભામાં નૂતન પાર્ષદી યુવા સંતો દ્વારા તૈયાર કરવામાં આવેલ પૂ. શાંતિદાદાનાં દિવ્ય લીલાચરિત્રો તથા દિવ્ય સ્મૃતિને દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા પ્રસ્તુત કરવામાં આવી. આ દુર્લભ અલૌકિક સ્મૃતિનાં દર્શન પામી સૌ ધન્ય થયાં. પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી સૌ સેવકોની ભક્તિને બિરદાવી અને પૂ. શાંતિદાદાને પોતાનાં વિચાર, વાણી અને વર્તનમાં પ્રગટ રાખવાની સમજણ આપી. આખો દિવસ સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની દિવ્ય સ્મૃતિમાં લીન થઈ સૌએ અપ્રતિમ ભક્તિ અદા કરી. ◆

## શાંતિ યુવા મહોત્સવ

સંતભગવંત સાહેબજીની આજ્ઞા અને પ્રેરણાથી 'પ્રજ્ઞાનતીર્થ – સર્વાંગી શિક્ષણ સંસ્થાન' ખાતે ૨૮ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની પુણ્ય સ્મૃતિ સાથે 'શાંતિ યુવા મહોત્સવ' યોજાયો. આ ઉત્સવમાં યુવાનો અને યુવતીઓ માટે રમત-ગમતના વિશેષ કાર્યક્રમોનું આયોજન કરાયું. ભારતનાં વિવિધ સત્સંગકેન્દ્રોમાંથી યુવાનો-યુવતીઓ પધાર્યાં ને આ મહોત્સવમાં ઉત્સાહભેર ભાગ લઈ, સૌએ ખૂબ આનંદ કરી સ્મૃતિઓ એકત્ર કરી. મહોત્સવના આરંભે સવારે સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાના સાંનિધ્યે ઉદ્‌ઘાટન સભા યોજાઈ. પૂ. શાંતિદાદાના જીવનપ્રસંગોની સ્મૃતિ કરી તેઓ પ્રસન્ન થાય તે મુજબ ખેલદિલીની ભાવના સાથે રમતગમતમાં જોડાવાની પ્રેરણા સૌએ મેળવી. ત્યારબાદ અલગ અલગ વિભાગોમાં બહેનો અને ભાઈઓએ રમતગમતનો આનંદ માણ્યો. આ યુવા મહોત્સવ દ્વારા સૌ યુવાઓએ સંપ, સુહૃદભાવ અને એકતાના પાઠ પાકા કરવવાની ભાવના દૃઢ કરી. સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતો, વ્રતધારી સંતો, વડીલ ભક્તોએ આ મહોત્સવમાં અને વિશેષ કરીને રમતગમતના મેદાન પર પધારી સૌ યુવાઓને અલૌકિક સ્મૃતિ આપી તેમના ઉત્સાહમાં વધારો કર્યો. સંતભગવંત સાહેબજીએ આયોજક સંતોની સેવાને બિરદાવી સૌ પર આશીર્વાદ વરસાવ્યા અને ભવિષ્યમાં સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને રમત-ગમતના વિવિધ કાર્યક્રમો યોજી આ 'શાંતિ યુવા મહોત્સવ'ને નવા આયામો પર લઈ જવા માર્ગદર્શન આપ્યાં. ◆



સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા શાશ્વત સ્મૃતિદિને સભામાં સાહેબજીનાં આશીર્દાન

## ઉપાસના ધામ, અમદાવાદ સ્થિત મંદિર મૂર્તિઓનો પાટોત્સવ

ઉપાસના ધામ, અમદાવાદ સ્થિત મંદિર મૂર્તિઓના સાતમા પાટોત્સવ પ્રસંગે બે દિવસના ભવ્ય કાર્યક્રમોનું આયોજન થયું. પાટોત્સવની પૂર્વ સંધ્યાએ-૩૧મી જાન્યુઆરીએ સાંજે સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને પૂ. હર્ષદદાદાના સાંનિધ્યે અમદાવાદ સૂરવૃંદના ભક્તો દ્વારા ભક્તિરૂપે રમઝટભરી કીર્તન આરાધના અર્પણ થઈ. બાળસભાનાં બાળકો દ્વારા 'સ્વામીની વાતો'ના કીર્તન પર, બાળકોની માતાઓ દ્વારા સાહેબજીના મહિમાના કીર્તન પર અને યુવતીમંડળ દ્વારા કથક નૃત્યશૈલી પર આધારિત ભાવનૃત્ય ઉપરાંત અયોધ્યામાં મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાના આનંદરૂપે 'રઘુપતિ રાજારામ...' કીર્તન પર ખૂબ અદ્‌ભુત નૃત્ય અર્પણ થયાં. પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ અત્યંત રાજીપો દર્શાવી સૌને આશીર્વાદ આપ્યા. પ્રાદેશિક સંતો, બ્રહ્મજ્યોતિ-મોગરીથી પધારેલા સંતો ઉપરાંત, મુંબઈ, ઇંગ્લૅન્ડ, અમેરિકાથી પધારેલા સંતો, શ્રેષ્ઠી શ્રી પ્રવીણભાઈ કોટક, અતુલભાઈ લેખડિયા, કૃણાલભાઈ લેખડિયા, પંકજભાઈ પટેલ, ડૉ. પાર્થિવભાઈ, અનુપમ મિશન-અમેરિકાના પ્રમુખ ડૉ. જિતુભાઈ ઉપરાંત સ્થાનિક ભક્તો સહિત ભારતનાં વિવિધ સત્સંગકેન્દ્રો પરથી મોટી સંખ્યામાં પધારેલા ભક્તોએ કીર્તન આરાધના, સાંસ્કૃતિક કાર્યક્રમ અને સભાનો લાભ લીધો.

૧ ફેબ્રુઆરીએ સવારે શ્રી ઠાકોરજી મહારાજની મૂર્તિઓની વેદોક્ત રીતે પાટોત્સવ વિધિ આચાર્ય સંતો સાધુ પૂ. અશોકદાસજી અને પૂ. ઉત્પલદાસજી દ્વારા કરાવવામાં આવી. સ્થાનિક યુવાનો યજમાન તરીકે બિરાજ્યા. શ્રી ઠાકોરજી અને સૌ ગુણાતીત સ્વરૂપોની મૂર્તિ સમક્ષ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. હર્ષદદાદા, પૂ. ગૌતમદાસજી, પૂ. હરિકૃષ્ણદાસજી, પૂ. સતીશદાસજી, પૂ. કૌશિકદાસજી, પૂ. જયેશદાસજી, પૂ. ચંદ્રેશદાસજી, પૂ. પ્રિયકાંતદાસજી પધાર્યા ને પાટોત્સવ પૂજન કર્યાં. ડૉ. જિતુભાઈ અને સાધુ પૂ. સતીશદાસજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ સૌને આશીર્વાદ આપ્યા. પાટોત્સવમાં પધારેલા આદરણીય ડૉ. અભિજાત શેઠનું વિશેષ સન્માન કરાયું. મોટી સંખ્યામાં પધારેલ ભક્તોએ પાટોત્સવ વિધિ અને આશીર્વાદનો લાભ લીધો. આ પ્રસંગે સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ વિભાગોમાં સેવા આપી રહેલા સૌ સ્થાનિક ભક્તોને બિરદાવવામાં આવ્યા. ◆

## ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓ–NGOનો દ્વિદિવસીય વર્કશોપ

૨ અને ૩ ફેબ્રુઆરી ૨૦૨૪ દરમિયાન અનુપમ મિશન, બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે જુદાં જુદાં ક્ષેત્રોમાં સેવારત ગુજરાતભરની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓનો વર્કશોપ યોજાયો. ૨ ફેબ્રુઆરીના રોજ ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો. સંતભગવંત સાહેબજી, અનુપમ મિશનના સદ્‌ગુરુ સંતો, અમેરિકાના ડૉ. યોગેન્દ્રભાઈ પટેલ, ડૉ. જિતુભાઈ પટેલ અને સમગ્ર વર્કશોપનું સંચાલન કરનાર ડૉ. એન. સી. પટેલ તેમજ અતિથિવિશેષ શ્રી ચૈતન્ય સાંઘાણી (નાયબ મામલતદાર, આણંદ) આદિ દ્વારા દીપપ્રાગટ્ય કરીને વર્કશોપને ખુલ્લો મુકાયો. શ્રી ચૈતન્યભાઈ સાંઘાણીએ સૌ સ્વૈચ્છિક સંસ્થાઓને સરકારનું પૂરકબળ ગણાવી અને આવી સંસ્થાઓની સેવાવૃત્તિ અંગે તલસ્પર્શી માર્ગદર્શન આપી સરકારી પ્રક્રિયાઓને સરળ કરવાની સમજણ આપી. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી સૌ સંસ્થાઓના પ્રતિનિધિઓને નિઃસ્વાર્થ અને નિરપેક્ષભાવે સેવાકાર્ય કરવા બળ દીધાં. સ્વૈચ્છિક સંસ્થાઓનું એસોસિએશન બને અને તે દ્વારા એકબીજાંને મદદરૂપ થવાનું માધ્યમ દૃઢ બને તે માટે માર્ગદર્શન પ્રદાન કર્યાં.

શિક્ષણ, આરોગ્ય તેમજ સામાજિક ઉત્થાન માટે અમૂલ્ય સેવાઓ આપી રહેલ ગુજરાતની વિવિધ સેવાકીય સંસ્થાઓના પ્રતિનિધિઓએ આ દ્વિદિવસીય વર્કશોપમાં ભાગ લીધો. ભાગ લેનાર સૌ સંસ્થાઓના પ્રતિનિધિઓએ પોતપોતાની સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિ અંગે રજૂઆત કરી અને વિવિધ સેવાકીયક્ષેત્રે થઈ શકનાર બહુમૂલ્ય પ્રદાન અંગે ચર્ચા-વિચારણા કરી. એકંદરે રાજ્યની બધી જ સ્વૈચ્છિક સંસ્થાઓનું સ્તર ઊંચું આવે, હાલની પરિસ્થિતિ અને તેના અનુસંધાને ભાવિ કામગીરીઓ અંગેનાં દિશાસૂચનો મળે તેવો આ મીટિંગનો ઉદ્દેશ્ય રહ્યો. સેવાકાર્યમાં મદદ મેળવવા યોગ્ય રજૂઆત, સેવા કરવાની યોગ્ય પદ્ધતિ, દાતાની અપેક્ષા સંતોષાય તે પ્રકારનું સેવાકાર્ય કરવાનું માર્ગદર્શન વિશેષજ્ઞો દ્વારા આ વર્કશોપમાં અપાયું.



સ્વૈચ્છિક સંસ્થાઓના વર્કશોપનો દીપપ્રાગટ્ય દ્વારા શુભારંભ

એકબીજાનાં વિચારો, મંતવ્યો અને પ્રાવધાનો તેમજ સંસાધનોનાં સંકલન દ્વારા જનસામાન્યના હિત અર્થે કાર્ય કરવાના ભાવને વધુ વેગવાન બનાવવાના સંકલ્પ સાથે આ વર્કશોપ સંપન્ન થયો. આ બે દિવસના અનુપમ મિશનમાં રોકાણ દરમિયાન અનુપમ મિશન દ્વારા થતી વિવિધ સેવાપ્રવૃત્તિઓની મુલાકાત લઈ સૌ અભિભૂત થયા ને અનુપમ મિશનનાં સેવાકાર્યોની સરાહના કરી. આવા સુંદર વર્કશોપનું આયોજન કરવા બદલ ભાગ લેનાર સૌ સંસ્થાઓએ આયોજકોનો ખૂબ આભાર વ્યક્ત કર્યો. ◆

## શ્રદ્ધાંજલિ

**આકાશ નકારજા :** ઈંગ્લૅન્ડનિવાસી ભકતરાજ હરીશભાઈ નકારજા (મુનિ) અને અ.નિ. નીરુબહેનના સુપુત્ર આકાશભાઈ લાંબા સમયની બીમારી બાદ ૧૪ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ અક્ષરધામ સિધાવ્યા. દામાબાપા-પ્રભાબાનાં સૌ પરિવારજનો ઈંગ્લૅન્ડના સત્સંગમાં હોમાયાં. સૌએ પ.પૂ. પપ્પાજી, પ.પૂ. બેન, પ.પૂ. સોનાબા અને સંતભગવંત સાહેબજી સંગે પ્રીતિ કરી ભક્તિમાર્ગે જ જીવન વિતાવ્યું. પરિવારનો આ સત્સંગવારસો





અમદાવાદ મંદિર મૂર્તિઓના પાટોત્સવની પૂર્વસંધ્યાએ સાંસ્કૃતિક કાર્યક્રમના કલાકારોને આશીર્વાદ... સદ્‌ગુરુઓ દ્વારા પાટોત્સવ વિધિ તથા પૂ. અશ્વિનદાદાનાં આશીર્દાન



આકાશભાઈએ પણ જાળવ્યો અને દીપાવ્યો. સંતો પ્રત્યેની પ્રીતિ અને ભકતોમાં આત્મીયતા કેળવી સુહૃદભાવસભર જીવન જીવ્યા. તેઓનાં પત્ની નેહાબહેન અને પરિવારજનો સાથે સંવાદિતા રાખી સંસાર દિવ્ય બનાવ્યો. ભક્તિરત જીવન વિતાવી પ્રભુની અખંડ સેવામાં બિરાજી જનાર આકાશભાઈને પ્રણામ ! પરિવારજનોએ આ પ્રસંગે પ્રભુનું કર્તાપણું સ્વીકારી દર્શાવેલી સમતાને વંદન ! સૌને બળ મળો તે પ્રાર્થના ! ◆

**શાંતાબા :** સૌરાષ્ટ્ર સત્સંગપ્રદેશના માવતર એવા વડીલ અક્ષરમુક્ત અને નિષ્ઠાવાન સત્સંગી થોભણભાઈનાં ધર્મપત્ની પૂ. શાંતાબહેન ૧૯ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ અક્ષરધામ સિધાવ્યાં. સૌરાષ્ટ્ર પ્રદેશમાં અનુપમ મિશનના સત્સંગનો વ્યાપ વધારવા અને સૌની અત્યંત ભક્તિભાવે સેવા કરી પ્રભુમય જોડાયેલા રાખવા થોભણભાઈએ ખૂબ જહેમત ઉઠાવી, જેમાં તેઓને શાંતાબાનો અદકેરો સાથ પ્રાપ્ત થયો. સંતો સાથે ઓતપ્રોત થઈ સત્સંગની અદ્‌ભુત સેવા કરી. તેઓનું ઘર અનુપમ મિશનનું કેન્દ્ર ગણાતું. ઘરે પધારનાર સૌની માથાના મુગટ માની તેઓએ સેવા, આગતા-સ્વાગતા કરી અને અનેકોને અદ્‌ભુત પ્રેમ આપી સહાયતા પમાડી. દીકરી ભાવનાબહેનને તેમજ અનેક યુવાઓને સત્સંગનો સંસ્કારવારસો આપી ખરા અર્થમાં સુખિયાં કર્યાં. સત્સંગને જ પ્રાધાન્ય આપી જીવતર ધન્ય કરનાર આદર્શ માવતર પૂ. શાંતાબાને વિદાયવેળાએ નમન ! સૌને બળ મળો તે પ્રાર્થના ! ◆



## શ્રી ગુણાતીત જ્યોતનાં સદ્‌ગુરુ સંતશ્રી પરમ પૂજ્ય દેવીબહેનને અક્ષરધામગમન વેળાએ અનંત શ્રદ્ધાવંદન !



ગુણાતીત જ્યોતનાં વડીલ સદ્‌ગુરુ સંત બહેન પૂ. દેવીબહેન ૬ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ અક્ષરધામ સિધાવ્યાં. પ્રભુનું ચૈતન્ય પ્રભુમાં વિલીન થયું. સ્પષ્ટ વક્તા, સ્વધર્મયુક્ત જીવન જીવતાં અને કુશાગ્ર બુદ્ધિમત્તા ધરાવતાં પૂ. દેવીબહેન ગુણાતીત જ્યોતના પાયાના એક સ્તંભ ! બાળપણમાં જ સ્વામિનારાયણ સત્સંગ મળ્યો અને પ.પૂ. સોનાબાના સંપર્કમાં આવ્યાં તેથી વૈરાગ્ય દઢ થયો. પ.પૂ. યોગીજી મહારાજ અને પ.પૂ. પપ્પાજીની ઐક્યતાના અનુભવ થયા. ગુણાતીતભાવ પામવા ડગ માંડવાનું નિશ્ચિત થયું તેથી જીવન અને મન પ.પૂ. પપ્પાજીના શ્રી ચરણે સમર્પિત કર્યાં. બુદ્ધિ અને વિચક્ષણતાને પ્રભુની પરાભક્તિમાં વાપરી પરમનો સાક્ષાત્કાર કર્યો. દેહને સેવામાં, મનને મૂર્તિમાં અને આત્માને ગુરુની સ્મૃતિમાં લીન કરી સાધુતાની પરમ અવસ્થા પ્રાપ્ત કરી. શ્વાસોચ્છ્‌વાસમાં ભજન, ભક્તોની ભક્તિનું જ રટણ એ જ તેઓનું સહજ જીવન. સંબંધીમાત્રને ચૈતન્યમૂર્તિ માની સાધના સરળ બનાવી. ગુરુ અને પ્રભુની પરાભક્તિમાં જ તેઓ ગરકાવ રહ્યાં.

ગુણાતીત જ્યોતનાં વ્યવસ્થાપનમાં સક્રિય રહ્યાં તેમ છતાં નિર્લેપ અને નિર્દોષભાવ સાથે જ સઘળો વ્યવહાર કર્યો. સંતભગવંત સાહેબજી અને અનુપમ મિશનના સદ્‌ગુરુ સંતો પ્રતિ અપ્રતિમ આદરભાવ રાખ્યો. આત્માના ભાઈઓ માની દિવ્ય સંબંધ નિભાવ્યો. અનુપમ મિશનના વ્રતધારી સંતોને ભગવાન ભજવામાં બળ મળે અને સઘળું સાનુકૂળ થાય તે માટે અવિરત પ્રાર્થના કર્યા કરી. અણિશુદ્ધ પવિત્ર અને નિરપેક્ષ જીવન તેઓ જીવ્યાં. અગણિત મુક્તોને તેઓનો બ્રહ્મસ્પર્શ આપી ગુણાતીત અલમસ્તાઈનો અનુભવ કરાવતાં ગયાં. પ્રાપ્તિના કેફને શૂરવીરતાથી માણવાનો બોધપાઠ શીખવી ગયાં.

ગુણાતીત જ્યોતનાં અનેક સંત બહેનો અને અનેક ભક્તોનાં સુહૃદ માવતર બની તેઓને સાચવ્યાં, જતન કર્યાં. કલ્યાણના માર્ગે અનેકને આગળ લીધાં. દેશ-પરદેશમાં અહોરાત્ર વિચરણ કર્યું ને સૌને સત્સંગરૂપી અમૃતરસનાં પાન કરાવ્યાં. સ્વરૂપનિષ્ઠા અને સ્વધર્મને સદૈવ અગ્રસ્થાને રાખી સાધુતા દિપાવી. આધ્યાત્મિક સિદ્ધાંતોને તેઓએ જડબેસલાક પાળ્યા ને સૌ પાસે પળાવ્યા. ગુરુહરિની મરજી અનુસાર જીવન જિવાય તે માટે સૌને બળ દીધાં ને તે પથ પર સૌને પ્રેર્યાં. પૂજ્ય દેવીબહેન સાચે જ દેવીસ્વરૂપ હતાં. આવી વિરલ વિભૂતિ, દિવ્ય મૂર્તિ પરમ પૂજ્ય દેવીબહેનને અંતરની વંદના ! તેઓનો ગુણવારસો ધારી તેને વિસ્તારવા સૌને બળ મળે તે જ પ્રાર્થના ! ◆

# સહજ સમર્પણ અને સેવકભાવના આદર્શ પ્રતીક
# સદ્ગુરુ સાધુ પૂ. બૅરિસ્ટરદાદાના અક્ષરધામગમન પ્રસંગે અંતરની ભાવાંજલિ !



પૂજ્ય રમેશભાઈ ! સોખડામાં પ્રગટ્યા એટલે બાલ્ય અવસ્થામાં જ જશુભાઈ સાહેબ (સંતભગવંત સાહેબજી) સાથે મિત્રાચારી થઈ. યુવા અવસ્થામાં ગુરુદેવ યોગીજી મહારાજના સંબંધને પામ્યા. યોગીજી મહારાજે એક પ્રસંગે બોચાસણમાં એટલું જ કહ્યું કે, 'અરે ! તમે કેમ અહીં બેઠા છો ? જશુભાઈ સાહેબ તો વલ્લભવિદ્યાનગર ગયા. ઊઠો અને એમની પાસે પહોંચી જાવ !' રમેશભાઈ તે દિવસથી જશુભાઈ પાસે આવ્યા તે આવ્યા ને જીવનપર્યંત પાછા ગયા જ નહીં. સંબંધ તો મિત્રાચારીનો હતો, પરંતુ યોગીજી મહારાજના એક નિર્દેશે જીવનને નવું રૂપ આપી દીધું. સંતભગવંત સાહેબજી પાસેથી હેત મળ્યું, સાથીદારોનો અદ્ભુત સથવારો મળ્યો ને પછી તો સેવા અને ભક્તિની સરિતા વહી, જે ગુરુદેવ યોગીજી મહારાજને પ્રસન્ન કરવાના જ કેવળ ભાવ સાથે સદાકાળ વહી.

સંતભગવંત સાહેબજીમાં ગુરુભાવ ઉદય પામ્યો એટલે અઠવાડિક સત્સંગસભા, શ્રી અક્ષરપુરુષોત્તમ છાત્રાલયનાં નિર્માણકાર્ય કે પછી ગુરુદેવ યોગીજી મહારાજે આપેલ અનેક આજ્ઞાઓનાં પાલનમાં તેઓ નિષ્ઠાપૂર્વક ભળ્યા. યોગીજી મહારાજે ચીંધેલ ભગવા હૃદયના સાધુની અલૌકિક યાત્રામાં અલમસ્તાઈથી ચાલ્યા તો હૃદય ભગવું થયાની અનુભૂતિ કરી અને પોતાના ભક્તિસભર, ઠરાવરહિત પ્રભુ અને ગુરુમુખી વર્તન દ્વારા સૌને કરાવી. ૮૬ વર્ષની તેઓની જીવનયાત્રાના સરવૈયામાં સંતભગવંત સાહેબજી જ મુખ્ય રહ્યા.

લૌકિક દૃષ્ટિએ કલાક્ષેત્રે શિક્ષણ લીધું હોવા છતાં તેઓની વિચક્ષણતાને પરિણામે 'બૅરિસ્ટર'ના હુલામણા નામે સંબોધાયા. તેમની પ્રકૃતિ એટલી સહજ હતી કે, તરત સમર્પણ કરી દે. તેઓમાં સેવકભાવના અગ્રેસર હતી. સેવા કરવામાં નાના-મોટાનો ભેદ નહોતો. ગુરુની આજ્ઞાએ સહજ સમર્પણ કરી, દેહભાવ અવગણી સૌની સેવામાં સદૈવ તેઓ પ્રવૃત્ત રહ્યા. સેવા ભક્તિભાવે થાય, મહિમાથી કરાય તો પ્રગટ પ્રભુનો સાક્ષાત્કાર થાય તે ભાવને સદ્ગુરુ સાધુ પૂ. બેરિસ્ટરદાદાએ જીવી બતાવ્યું.

શરૂઆતનાં વર્ષોમાં સંતભગવંત સાહેબજીનાં વચને ગુણાતીત જ્યોતનાં સઘળાં કાર્યોમાં અદ્ભુત સેવા કરી, નીચી ટેલની સેવામાં પણ ક્યારેય નાનપ રાખી નહીં તો પ.પૂ. પપ્પાજી અને પ.પૂ. સોનાબાનો અંતરનો રાજીપો મેળવ્યો. સોખડા, સાંકરદા, દિલ્હીનાં સ્વરૂપો અને સંતોને જ્યારે જરૂર પડી ત્યારે અપ્રતિમ સુહૃદભાવે પૂ. બૅરિસ્ટરદાદા સેવામાં તત્પર રહ્યા. તેમની સેવામાં પ્રામાણિકતા અને નિષ્ઠા છલકાતાં, ભક્તિ અને માહાત્મ્યની સુવાસ પ્રસરતી. ક્યારેય કોઈનું ખોટું ના થાય, નુકસાન ના થાય તેની ખૂબ કાળજી રાખતા.

પોતે સદ્ગુરુ સંત હોવા છતાં અનુપમ મિશનના નાના-મોટા સૌ સંતોના સેવક થવા તેઓ સદાય તત્પર રહ્યા. સૌ સંતો સાથે એટલા નિખાલસ થઈને વર્તતા કે, સૌને તેઓ સાથે કંઈક અલગ જ સંબંધ હતો. તેમનો લાક્ષણિક સ્વભાવ એવો કે, તેમને કોઈ નાનું-મોટું જ ના લાગે. હક કરીને ઘરે પધારે અને અપાર પ્રેમ આપીને ભક્તિના માર્ગે જીવને વાળે. શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો સંદેશ, ગુરુદેવ યોગીજી મહારાજનો ઉદ્દેશ અને સંતભગવંત સાહેબજીના મહિમાની વાત પ્રસરાવવા, સૌને સત્સંગનું સાચું સુખ આપવા તેઓ અહોરાત્ર વિચર્યા. ભારતમાં અમરેલી, ખાંધા, મતિરાળા, દામનગર જેવાં સૌરાષ્ટ્રનાં અને સરભાણ, પુનિયાદ, અવાખલ, સેગવા, સાધલી, વેમાર જેવાં કાનમ પ્રદેશનાં અનેક અંતરિયાળ ગામોમાં સત્સંગ અર્થે તેઓનું પ્રદાન બહુમૂલ્ય છે. અમૅરિકા સ્થાયી થવાનું થયું તેથી પહેલાં પોકોનો અને પછી ઍલનટાઉન મંદિરે રહીને શ્રી ઠાકોરજીની સુંદર સેવા કરી. સ્થાનિક સંતોને એક માવતર, એક વડીલની અદ્ભુત છત્રછાયાનું સુખ આપ્યું. બાળકો-યુવાનોને નિરપેક્ષ પ્રેમ આપી સત્સંગના રંગે રંગ્યાં. ભક્તોને સુહૃદભાવનો પાઠ ભણાવી આધ્યાત્મિક માર્ગે દોર્યા. પરિણામે અમૅરિકામાં સત્સંગ ફૂલ્યો-ફાલ્યો.

૮૬ વર્ષે જીવનના અંતિમ દિવસોમાં સ્વાસ્થ્યલાભ પ્રાપ્ત કરવા ભારતમાં નૅચરક્યોરમાં રહ્યા અને શારીરિક તકલીફોને અવગણી ધૂન, ભજન અને પ્રાર્થનામાં જ વ્યસ્ત રહ્યા. ગુરુદેવ યોગીજી મહારાજ અને સંતભગવંત સાહેબજીની મૂર્તિની સ્મૃતિમાં જ મસ્ત રહ્યા. હર કોઈ અવસ્થામાં પ્રભુ અને ગુરુના અનુસંધાને નિમગ્ન રહ્યા. ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ હૃદયરોગનો હુમલો થયો અને તેઓએ સૌની વચ્ચેથી અંતિમ વિદાય લીધી.

૨૩ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સવારે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં 'હૃદયકુંજ' પાસે તેઓના પાર્થિવ વિગ્રહને અંતિમ દર્શન માટે સ્થાપિત કરાયો. સંતભગવંત સાહેબજી, સદ્ગુરુ સંતો અને સંતોએ ભાવથી પૂજન, પુષ્પાર્પણ, તુલસીપત્ર અને પ્રસાદીનું જળ, ખેસ અને પુષ્પચાદર અર્પણ કરી વંદના ધરી. અનુપમ મિશનના દેશ-પરદેશનાં ભક્તો, ગુણાતીત સમાજના સંતો, સંત બહેનો અને અનેક ભક્તોએ આ પ્રસંગે ઉપસ્થિત રહીને શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી પૂ. બૅરિસ્ટરદાદાના મહિમાને વર્ણવ્યો અને સૌને બળ પ્રદાન કર્યું. ભક્તિભીનાં નયને ને આર્દ્ર હૃદયે સૌએ સદ્ગુરુ સાધુ પૂ. બૅરિસ્ટરદાદાને વિદાય આપી. ૪ ફેબ્રુઆરીના રોજ તેઓની ત્રયોદશીની મહાપૂજામાં સંતો-ભક્તોએ પ્રાર્થના અને મહિમાગાન દ્વારા ભક્તિવંદના અર્પી. ◆